ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ ઝ. પટેલ ▪ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ : 73 ▪ અંક : 13 ▪ તારીખ : 5, ઓક્ટોબર, 2025 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## NCEL અને APEDA એ સહકાર આધારિત કૃષિ નિકાસને પ્રોત્સાહન આપવા સમજૂતી કરી

નવી દિલ્હી : નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL) અને એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ દિલ્હીમાં ભારતના સહકાર આધારિત કૃષિ નિકાસ અર્થતંત્રને મજબૂત કરવા માટે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.

આ MoU પર સહકાર મંત્રાલયના સચિવ ડો. આશિષ કુમાર ભૂતાનીની ઉપસ્થિતિમાં APEDAના અધ્યક્ષ અભિષેક દેવ અને NCELના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અનુપમ કૌશિકે હસ્તાક્ષર કર્યા હતા.

આ વ્યૂહાત્મક ભાગીદારી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સહકારી સંસ્થાઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા સશક્ત બનાવવાના પ્રયત્નોના ભાગરૂપે, સહકાર અને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયોની શક્તિઓને એકીકૃત કરવાના સરકારના સંકલ્પને રેખાંકિત કરે છે.

ડો. ભૂતાનીએ જણાવ્યું હતું કે, NCELની વિસ્તૃત સહકારી નેટવર્કને APEDAની નિકાસ સુવિધા પદ્ધતિઓ સાથે જોડવાથી ખેડૂતોને તેમના પાકનું વધુ મૂલ્ય મળશે. ગ્રામીણ આજીવિકાને પ્રોત્સાહન અને વૈશ્વિક બજારોમાં ભારતની સ્થિતિ મજબૂત થશે.

આ MoUનો ઉદ્દેશ સહકારી મંડળીઓને નિકાસ માટે તૈયાર થવા માટે એક વ્યવસ્થિત અને વ્યાવસાયિક અભિગમ અપનાવવામાં મદદ કરવાનો છે. જે વૈશ્વિક ગુણવત્તાના ધોરણો, ખાદ્ય સુરક્ષા, નિકાસ દસ્તાવેજીકરણ અને અનુપાલન પ્રક્રિયાઓમાં ક્ષમતા નિર્માણ અને તાલીમ પર ભાર મૂકે છે. જેનો હેતુ APEDAની તકનીકી કુશળતાને NCELની આઉટરીચ ક્ષમતાઓ સાથે સંકલિત કરવાનો છે.

આ ભાગીદારી સહકારી મંડળીઓને આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં ભાગ લેવા, ડેટા વિશ્લેષણનો લાભ ઉઠાવવા અને વિશિષ્ટ વસ્તુઓની નિકાસ વ્યૂહરચનામાં સહાય પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે. ફળો, શાકભાજી,



મસાલા, પ્રોસેસ્ડ ફૂડ્સ, અનાજ અને પશુ ઉત્પાદનો જેવાં વિવિધ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સંરચિત તાલીમ કાર્યક્રમો અને વર્કશોપ્સ જ્ઞાન આપ-લેની સુવિધા સરળ બનાવશે. જેનાથી સહકારી મંડળીઓ તેમની કામગીરી વૈશ્વિક બજારની જરૂરિયાત મુજબ બનાવી શકશે.

સહકાર મંત્રાલયના અધિક સચિવશ્રી પંકજકુમાર બંસલે જણાવ્યું હતું કે, આ MoUથી NCELને APEDA તરફથી નીતિગત સમર્થન અને તકનીકી કુશળતા પ્રાપ્ત થશે. જેનાથી તેના સભ્યો નિકાસમાં શ્રેષ્ઠતા હાંસલ કરી શકશે. અને નવા બજારોમાં પ્રવેશી તેમના ઉત્પાદન માટે ઉચ્ચ કિંમતો મેળવી શકશે.

આ એમઓયુ એક મજબૂત સ્થિતિસ્થાપક અને સ્પર્ધાત્મક સહકારી નિકાસ ઈકોસિસ્ટમ વિકસાવવા તરફ એક મોટું પગલું છે. તેનો હેતુ APEDAની માળખાકીય સુવિધાઓ અને બજાર પ્રવેશ ક્ષમતાઓને NCEL સાથે સંકળાયેલ સહકારી સંસ્થાઓને રાષ્ટ્રીય નેટવર્ક સાથે જોડવાનો છે, જેનાથી ખેડૂત સભ્યોને વાસ્તવિક આર્થિક લાભો મળી શકે.

આ સહયોગ નવી શરૂ કરાયેલી રાષ્ટ્રીય સહકાર નીતિના ઉદ્દેશ્યોને અનુરૂપ છે. જેનું લક્ષ્ય સહકારી ચળવળના યોગદાનને રાષ્ટ્રીય આર્થિક વૃદ્ધિમાં વધારવાનું છે.

આ ભાગીદારી સહકારી નિકાસ માટેની રાષ્ટ્રીય એપેક્સ સંસ્થા NCEL અને નિકાસ બજાર વિકાસને પ્રોત્સાહન આપવાના APEDAના ઉદ્દેશનો લાભ લઈને નિકાસની તૈયારીને વેગ આપશે, બજારની સ્થિતિમાં સુધારો કરશે અને માળખાગત સુવિધાઓનો વિસ્તાર સુનિશ્ચિત કરશે.

આ પહેલ સહકારી મંડળીઓને વૈશ્વિક વેપારમાં વધુ અસરકારક રીતે ભાગ લેવા, તેમની સ્પર્ધાત્મકતા વધારવા અને ભારતની કૃષિ નિકાસ માટે નવી તકો ઊભી કરવાની ક્ષમતામાં વધારો કરશે, જેનાથી સરકારના મજબૂત સહકારી ક્ષેત્રના વિઝનને બળ મળશે.

### રાજકોટ ખાતે સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં વિશાળ ખેડૂત સંચાલન યોજાયું

## પાયાના સ્તરે ગ્રામીણ સમૃદ્ધિને મજબૂત કરવા માટે દરેક ગામમાં મલ્ટિપરપઝ સહકારી મંડળીઓની રચના કરવી જોઈએ- શ્રી અમિતભાઈ શાહ




રાજકોટ : કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવીયા અને સહકારી મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજકોટના રેસકોર્સ ખાતે તા. 22 સપ્ટેમ્બર, 2025ના રોજ સહકારી મહાસંમેલન તેમ જ રાજકોટની જિલ્લાકક્ષાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી.

કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે રાજકોટ જિલ્લા સહકારી બેન્ક ખાતે સ્વ. વલ્લભભાઈ પટેલ, સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહે સહકારી મહાસંમેલનમાં રાજકોટ જિલ્લાના સહકારી માળખાને સુદ્રઢ કરવાની થઈ રહેલી કામગીરીની પ્રશંસા કરી હતી. અને તેમણે હોદ્દેદારોને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, દેશમાં સહકાર મંત્રાલય દ્વારા કરોડો ખેડૂતો, પશુપાલકો અને માછીમારોની પોતાના પરસેવાની કમાણીનો નફો સીધો ખેડૂતોના બેન્ક ખાતા જાય તેવું મજબૂત તંત્ર બનાવવાની કામગીરી ચાલી રહી છે.

કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહે રાજકોટ જિલ્લા સહકારી બેન્કના સ્થાપક સ્વ. શ્રી વલ્લભભાઈ પટેલ તથા સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ રાદડીયાએ બેન્કના માધ્યમથી ખેડૂતોના હિતમાં કરેલા કાર્યોને યાદ કર્યા હતા. આ બંને મહાનુભાવોએ ચીંધેલા લોકકલ્યાણના માર્ગે આગળ વધતાં બેંકને સશક્ત કરવાની થઈ રહેલી કામગીરીને પણ તેમણે બિરદાવી હતી. પાયાના સ્તરે ગ્રામીણ સમૃદ્ધિને મજબૂત કરવા માટે દરેક ગામમાં દૂધ મંડળીઓ, સેવા સહકારી સંસ્થાઓ અને વેરહાઉસ સાથે સંકળાયેલ સહકારી સંસ્થાઓની સ્થાપના કરવા

**કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે રાજકોટ જિલ્લા સહકારી બેન્ક ખાતે સ્વ. વલ્લભભાઈ પટેલ, સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું**

અપીલ કરી હતી.

કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આજે સહકારી મંડળીઓનો નફો મૂડીપતિઓના હાથમાં જવાને બદલે સામાન્ય ખેડૂતોના હિતમાં વાપરવામાં આવી રહ્યો છે. આજે સભાસદોના પરિવારોને અકસ્માત વીમા સહાય, મેડીકલ સહાય અને કૃષિ પુરસ્કાર આપવામાં આવ્યા છે, એ તેની સાબિતી છે. રાજકોટ જિલ્લાનું સહકારી ક્ષેત્ર સમગ્ર દેશ માટે ઉદાહરણ રૂપ છે. સહકારી ક્ષેત્રમાં અનેક પ્રકારની નવી શરૂઆતો થઈ છે. ભારત ઓર્ગેનિકની સ્થાપના કરીને ખેડૂતો પાસેથી ઓર્ગેનિક પ્રોડક્ટ લઈને તેનું વેચાણ કરીને તેમાંથી થયેલો નફો ખેડૂતોને પરત આપવાનું ઉમદા કામ થઈ રહ્યું છે.

તેમણે ખેડૂતોને અપીલ કરતાં કહ્યું હતું કે જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડીને પ્રાકૃતિક ખેતી અપનાવવી જોઈએ. આજે રાસાયણિક ખાતરને કારણે જમીન અને નાગરિકોના સ્વાસ્થ્યને નુકસાન થઈ રહ્યું છે. ત્યારે દેશના લોકોના સ્વાસ્થ્યને સુધારવાનું કામ પોતાના હાથમાં લેવું જોઈએ.

આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ 2021માં અલગ સહકાર મંત્રાલય બનાવ્યા પછી, દેશના પ્રથમ સહકાર મંત્રી તરીકે અમિતભાઈ શાહ અનેકવિધ પગલાં લઈને સહકારી માળખાને મજબૂત બનાવી રહ્યાં છે. રાજ્યના સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું

અનુસંધાન પાના નંબર : 2

## ભારતમાં બનેલી વસ્તુઓનો ઉપયોગ કરીએ : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર દ્વારા દેશમાં પ્રથમ નવરાત્રી 22 સપ્ટે.થી લાગુ કરવામાં આવેલા 'નેક્સ્ટ જેન જીએસટી રિફોર્મ્સ'ને લોકોની બચતમાં વૃદ્ધિ કરનારો બચત ઉત્સવ ગણાવ્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ''વડાપ્રધાનશ્રીએ દેશના લોકોના પૈસાની બચત થાય, લોકો ઉમંગ ઉત્સવથી તહેવારો ઉજવે અને જીએસટી રિફોર્મ્સના લાભથી લોકોની સમૃદ્ધિ તથા વૈભવ અને જીવન ધોરણમાં સુધારો થાય તેવો ઉદાત્તભાવ 'નેક્સ્ટ જેન જીએસટી ફોર્મ્સ'માં રાખ્યો છે.



**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૌ નાગરિકોને નવરાત્રી પર્વની શુભેચ્છા પાઠવીઃસ્વદેશી અપનાવવા કરી અપીલ**

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સૌ નાગરિકોને નવરાત્રી પર્વની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, હવેનો સમય દેશની આત્મનિર્ભરતા અને સ્વદેશીનો છે. આપણે ભારતમાં બનેલી વસ્તુઓનો જ ઉપયોગ કરીએ, ખરીદીએ અને વેપારીઓ પણ સ્વદેશી વસ્તુઓ જ વેચવાનો આગ્રહ રાખે 'જીએસટીના રિફોર્મ્સ'નો લાભ દરેક વેપારી, ગ્રાહકો સુધી પહોંચાડીને બચત ઉત્સવને વેગ આપે એટલું જ નહીં, લોકો પણ સ્વદેશી ચીજ વસ્તુઓની ખરીદી કરીને 'આત્મનિર્ભર ભારત'નો વડાપ્રધાનનો સંકલ્પ સાકાર કરે.

## ધી કો-ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયા (COBI)એ બેન્કિંગ લાઈસન્સ માટે સહકાર સચિવ સાથે બેઠક કરી

નવી દિલ્હી : ધી કો-ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયા (COBI)ને તાજેતરમાં મલ્ટિ સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ (MSCS) એક્ટ, ૨૦૦૨ની બીજી સૂચિ હેઠળ સૂચિત કરવામાં આવી છે, તેણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) પાસેથી બેન્કિંગ લાઈસન્સ મેળવવા અને રાષ્ટ્રીય સ્તરની સહકારી બેન્કિંગ સંસ્થામાં બનવા માટેની રૂપરેખા તૈયાર કરવા માટે કેન્દ્રીય સહકાર મંત્રાલય સાથે એક ઉચ્ચ-સ્તરીય બેઠક યોજી હતી.

અટલ અક્ષય ઉર્જા ભવન ખાતે સહકાર સચિવ ડો. આશિષ કુમાર ભૂતાનીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં લાઈસન્સની જરૂરિયાતો, ગવર્નન્સને મજબૂત કરવા અને COBIની કામગીરીને તેના નવા કાનૂની માળખા સાથે સુસંગત કરવા જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સંયુક્ત સચિવશ્રી રમણ કુમાર અને નિર્દેશક કુમાર રામા કૃષ્ણ સહિતના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી.

જ્યારે ધી કો-ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયામાંથી COBIના અધ્યક્ષશ્રી અજયભાઈ પટેલ, કોબીના ઉપાધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીન, ICA-APના અધ્યક્ષ ડો. ચંદ્રપાલ સિંહ યાદવ, નાફેડના અધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહીર, નાફસકોબના અધ્યક્ષ રવિન્દર રાવ, NCCFના અધ્યક્ષ વિશાલ સિંહ, CA મિલિંદ કાલે, રુદ્રગૌડા પાટિલ અને મેનેજિંગ ડિરેક્ટર વી.કે. દુબે વગેરે સહકારી આગેવાનોના પ્રતિનિધિ મંડળે ભાગ લીધો હતો. COBIની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રગતિ પર એક વિગતવાર પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું. ચર્ચામાં તરલતા (liquidity), અનુપાલન (compliance)ની જરૂરિયાતો અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં નિર્માણ જેવા પડકારોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા અને સહકારી આગેવાનોએ COBIને એક મજબૂત સહકારી સંસ્થાનાં સ્વરુપમાં પ્રસ્થાપિત કરવા માટે સરકાર અને સહકારી સંસ્થાના સહયોગના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.




સહકાર સચિવ ડૉ. આશિષ ભૂતાનીએ નાણાકીયસમાવેશમાંસહકારીસંસ્થાઓની ભૂમિકાની પ્રશંસા કરી, ભારતમાં ગ્રામીણ અને અર્ધ શહેરી વિસ્તારોમાં સેવા આપવા માટે ડિજિટાઈઝેશન, નવીનતા અને આધુનિકીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે RBI મંજૂરી પ્રક્રિયાને ઝડપી બનાવવામાં સહકાર મંત્રાલયના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી. આ ઉપાધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના આભાર પ્રસ્તાવ સાથે બેઠકનું સમાપન થયું. ત્યારબાદ, COBIના બોર્ડે તેના રોડમેપ પર ચર્ચા કરવા NCUI બિલ્ડિંગ ખાતે બેઠક યોજી.

નિરીક્ષકોએ જણાવ્યું હતું કે, દેશના ટોચના સહકારી આગેવાનોની હાજરીથી

અનુસંધાન પાના નંબર : 2

## ખેડૂતે 3 કિલો 969 ગ્રામનું વિશાળ રીંગણ ઉગાડી બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

વૉશિંગ્ટન : અમેરિકાના પેનસિલ્વેનિયાના ખેડૂત એરિક ગનસ્ટ્રોમે 3 કિલો 969 ગ્રામનું વિશાળ રીંગણ ઉગાડીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. આ રીંગણની ખાસિયત માત્ર તેનું વજન જ નથી, પણ તેની ગોળાઈ પણ છે, જે 78.7



સેન્ટિમીટર માપવામાં આવી છે. ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, આ રીંગણને અત્યાર સુધીનું સૌથી ભારે અને સૌથી મોટું રીંગણ માનવામાં આવે છે. ખાસ વાત એ છે કે ગનસ્ટ્રોમે માત્ર ત્રણ વર્ષ પહેલાં જ રીંગણની ખેતી શરૂ કરી હતી.

# દેશભરમાં ઓક્ટોબરમાં યોજાશે "વિકસિત રવી કૃષિ સંકલ્પ અભિયાન'

## નવી દિલ્હી ખાતે નેશનલ કોન્ફરન્સ ઓન એગ્રીકલ્ચર ફોર રબી કેમ્પેઈન –2025 યોજાઈ

અમદાવાદ : નવી દિલ્હી ખાતે ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતા હેઠળ વન નેશન, વન એગ્રીકલ્ચર, વન ટીમ થીમ પર નેશનલ કોન્ફરન્સ ઓન એગ્રીકલ્ચર ફોર રવી કેમ્પઈન-2025નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ સહિત કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા. આ સંમેલનમાં કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણે આગામી તારીખ 3 ઓક્ટોબરથી 18 ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રવ્યાપી 'વિકસિત રવી કૃષિ સંકલ્પ અભિયાન'ની જાહેરાત કરી હતી.

આ કોન્ફરન્સમાં કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે ગુજરાતના કૃષિ ક્ષેત્રની વર્તમાન સ્થિતિ અને રવી પાકના વિવિધ અંદાજો રજૂ કર્યા હતા. સાથે જ, ગુજરાતમાં આ વર્ષે થયેલા કૃષિ વિકાસ, પાકની સ્થિતિ અને રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા મહત્વના પગલાં પર વિશેષ ભાર મૂક્વામાં આવ્યો હતો.



ખાતર વિતરણ સંસ્થાઓને POS મશીનને બદલે કોમ્પ્યુટર અને થમ્બ સ્કેનર પૂરા પાડવા કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલનું સૂચન

# વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંકને સાતમી વખત રાષ્ટ્રીય કક્ષાનો FCBA એવોર્ડ એનાયત

વેરાવળ: નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટિવ બેન્ક્સ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ લિ. ન્યૂ દિલ્હી અને સહકારી ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા બેન્કિંગ ફ્રન્ટિયર્સ દ્વારા ગોવા ખાતે ભારતભરની કુલ 1460 જેટલી નાગરિક સહકારી બેન્ક માટે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની મિટિંગમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર શ્રી સતીષજી મરાઠે, નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ચેરમેન શ્રી જ્યોતિન્દ્રભાઈ મહેતા, વાઈસ ચેરમેન શ્રી મિલીંદ કાલે, સીઈઓ શ્રી પ્રભાત ચતુર્વેદી તથા ભારતભરની અર્બન કો-ઓપરેટિવ બેંકના ચેરમેન-ડિરેક્ટરોની હાજરીમાં યોજાયેલા સમારોહમાં વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકને વર્ષ 2024-25 માં કરેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ માટે પસંદગી કર્યાની જાહેરાત કરવામાં આવી હતી.




આ સમારોહમાં મર્કન્ટાઈલ બેંકના ચેરમેન શ્રી નવીનભાઈ શાહ, વાઈસ ચેરમેન શ્રી ભાવનાબેન શાહ સહિતના ડિરેક્ટરોને રાષ્ટ્રીય કક્ષાનો સ્મોલ અર્બન બેન્ક કેટેગરીમાં FCBA એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. મર્કન્ટાઈલ બેંકને સતત સાતમા વર્ષે આ એવોર્ડ પ્રાપ્ત થયો છે. જે સમગ્ર વેરાવળ પંથક અને સૌરાષ્ટ્રની સહકારી સંસ્થાઓ માટે ગૌરવ સમાન છે.

# રચના કો-ઓપરેટિવ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા સંપન્ન

સુરત : ધી રચના કો-ઓ. ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લિ.ની સ્થાપનાના સફળતાપૂર્વક 28 વર્ષ પૂર્ણ થયોની ઉજવણી કરવામાં આવી. સોસાયટીના પ્રમુખ શ્રી રમેશભાઈ વઘાસિયાએ સોસાયટીની સ્થાપના કરવા માટેના ઉદ્દેશો અને સોસાયટીની સ્થાપનાથી લઈ સતત 28 વર્ષ સુધી સંસ્થાને પારિવારિક સંસ્થા ગણીને સૌ સભાસદો તરફથી મળતા સહકારના કારણે તથા તેમના બાળકોને આપી શકાતું શૈક્ષણિક માર્ગદર્શન તેમજ સભાસદોને આપી શકાતા આર્થિક સહયોગની સભાસદોએ કદર કરવા બદલ અને શિસ્તબદ્ધ ક્રેડિટ સોસાયટી બનાવવા બદલ સભાસદોની લાગણીઓને બિરદાવી હતી. સભાસદો દ્વારા સોસાયટીને આપવામાં આવતા સહયોગ અને બોર્ડ ઓફ ડિરેક્ટરના સારા મેનેજમેન્ટના કારણે સંસ્થાની પ્રગતિ થઈ હોવાથી તમામનો આભાર વ્યક્ત કર્યો.



મૃત્યુ પામનાર સભાસદોના વારસદારોને રકમ રૂ.50,000/- ની આર્થિક સહાય આપવામાં આવી તથા વિધાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા

વર્ષ દરમ્યાન મૃત્યુ પામેલ સભાસદોના વારસદારોને રકમ રૂ.4,72,000/- આર્થિક સહાયની રકમના ચેકનું વિતરણ માનનીય શ્રી ભવાનભાઈ નવાપરા, ચેરમેનશ્રી વરાછા કો-ઓપરેટિવ બેંકના હસ્તે કરવામાં આવ્યું હતું. સભાસદોના તેજસ્વી બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રી ભવાનભાઈ નવાપરા, ચેરમેનશ્રી વરાછા કો-ઓપરેટિવ બેંક તથા શ્રી ભરતભાઈ માંગુકિયા, પ્રમુખશ્રી, પરમાર્થ સેવા મિશન ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના પ્રમુખશ્રી રમેશભાઈ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી બાબુભાઈ જીરાવાળા, સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા સભાસદો હાજર રહેલા. સમગ્ર કાર્યક્રમનું આયોજન મેનેજર પરેશ વઘાસિયા અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દાહોદ જિલ્લા સહકારી સંઘ દ્વારા નેતૃત્વ વિકાસ કાર્યક્રમ યોજાયો

# સહકારી મંડળીઓ ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોને સશક્ત બનાવવામાં અને તેમનું જીવનધોરણ સુધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે : શ્રી કલસિંહભાઈ ટી. મેડા

દાહોદ : આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ - 2015 અંતર્ગત 'દાહોદ જિલ્લા સહકારી સંઘ' - દાહોદના ઉપક્રમે તારીખ 07-09-2025ના રોજ યોજાયેલ 'સહકારી નેતૃત્વ વિકાસ' કાર્યક્રમનો શુભારંભ કરતા પૂર્વ ધારાસભ્ય - જિલ્લા અગ્રણી, સહકારી કાર્યક્રમના અધ્યક્ષ શ્રી બચુભાઈ કિશોરીએ જણાવ્યું કે, ''દેશના અર્થકારણમાં સહકારી ક્ષેત્રનો ફાળો અતિ મહત્વનો છે. ભારતના પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ 'સહકારથી સમૃદ્ધિ' સૂત્ર આપી સહકારી સંસ્થાઓના માધ્યમથી આત્મનિર્ભર બની આર્થિક રીતે સમૃદ્ધ બનાવાનો વિશ્વાસ આપ્યો છે. આ ઉદ્દેશથી આપણે સૌએ સાથે મળીને સહકારી મંડળીઓને વધુ મજબૂત અને સફળ બનાવવા માટે પ્રયત્નશીલ બનવું પડશે''.

કાર્યક્રમના પ્રમુખશ્રી કલસિંહભાઈ મેડાએ ઉદબોધન કરતાં જણાવ્યું કે, ''આજના સ્પર્ધાત્મક સમયમાં સંચાલકોએ સહકારી સંસ્થાઓના સ્વરૂપ અને સહકારી સંસ્થાઓના વિશાળ હેતુઓને ધ્યાનમાં રાખીને વ્યવસાય અને વહીવટ કરવાનો છે. અને તે માટે જરૂરી છે સહાયકારી કાનૂની તંત્ર અને પ્રબુદ્ધ નેતૃત્વની. સહકારી સંસ્થાઓએ નક્કી કરેલા સિદ્ધાંતોનાં ધ્યેયોને પરિપૂર્ણ કરવા નેતૃત્વ મહત્વની ભૂમિકા ભજવે છે''.



કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાત રાજ્ય ફેડરેશનના માનદ્ મંત્રી અને નડિયાદ કેન્દ્રના અધ્યાપકશ્રી હર્ષદભાઈ શાહે જણાવ્યું કે, ''સહકારી મંડળીઓના વિકાસમાં આદર્શ નેતૃત્વ અને સંચાલક મંડળીની સતત જાગૃકતા તથા વહીવટ કાર્યકુશળતા મહત્વની બની રહે છે''.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો તથા સહકારી કાર્યકરો શ્રી નિકુંજભાઈ કે. મેડા, પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત દાહોદ તથા ગરબાડા તાલુકાના ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ ભાભોર, વાલજીભાઈ મેડા, શ્રી રૂમાલભાઈ પરમાર, શ્રી સામજીભાઈ નીનામાએ પ્રાસંગિક પ્રવચન આપેલ. કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા સંઘના ડિરેક્ટર શ્રી નિકુંજભાઈ મેડાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આભારવિધિ સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી કિર્તનભાઈ ભાભોરે કરેલ. આ કાર્યક્રમમાં 12 મંડળીઓના કુલ 72 જેટલા પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# અમૂલ હવે તેના ઉત્પાદનો ઉપર ક્યુઆર કોડ લગાવશે

આણંદ : રાજ્યમાં ખાણી-પાણીની નકલી વસ્તુ ઝડપાતી હોવાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે બનાવટી ઘી, દૂધ અને તેના ઉત્પાદનોને લઈને અમૂલ મિલ્ક ફેડરેશને 22 સપ્ટેમ્બરે એક મહત્ત્વનો નિર્ણય લીધો હતો. અમૂલે તેની તમામ ઉત્પાદનો પર કોડ લગાવાનો નિર્ણય કર્યો છે. ડુપ્લિકેટ પ્રોડક્ટ અટકાવવા માટે અમૂલ દ્વારા આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી સામાન્ય લોકો પણ કોડ થકી પ્રોડક્ટને લગતી માહિતી મેળવી શકે. આ બાબતે GCMMF અને દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોક ચૌધરીએ માહિતી આપી હતી.

ગુજરાતમાં અમૂલ સહિતના ઉત્પાદનની ડુપ્લિકેટ ખાદ્યવસ્તુ ઝડપાતી હોવાના કિસ્સા સામે આવતા હોય છે, ત્યારે હવે અમૂલની પ્રોડક્ટનું ડુપ્લિકેશન અટકાવવા અમૂલની દૂધ, ઘી, માખણ સહિતની પ્રોડક્ટ ઉપર કોડ ફરજિયાત કરવામાં આવ્યો છે. આમ કોડ થકી ગ્રાહક જે-તે વસ્તુના ઉત્પાદન અંગે ખાતરી કરી શકે. આ મામલે અમૂલના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, 'બજારમાં ચાલતા ડુપ્લિકેશન અને ભેળસેળને અટકાવવા માટે આ પહેલ શરૂ કરી છે. હાલ મોટાભાગના ઉત્પાદનો પર આ સુવિધા શરૂ કરાઈ છે. જો કે, આગામી દિવસોમાં અન્ય બાકી તમામ પ્રોડક્ટ પર પણ ક્યુઆર કોડ લાગુ કરાશે. જેથી ગ્રાહકો છેતરપિંડીથી બચી શકે'.

### ધી કો-ઓપરેટિવ બેંક.... પાના નંબર : 1નું અનુસંધાન

જાણવા મળે છે કે, ભારતની રાષ્ટ્રીય સ્તરની સહકારી બેંક તરીકે COBIની સ્થાપનાથી લોકોમાં ઘણી અપેક્ષાઓ છે. નોંધનીય છે કે, લગભગ બે દાયકા જેટલા લાંબા સમયથી અટકેલી COBIની સંગઠન પ્રક્રિયામાં કેન્દ્રીય સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના પ્રયત્નો પછી ગતિ મળી હતી, અને COBIનો MSCS એક્ટ, ૨૦૦૨ની બીજી સૂચિમાં સમાવેશ કરવામાં આવ્યો.

કો-ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયા (COBI)ની સ્થાપના સહકારી ક્રેડિટ સિસ્ટમને મજબૂત કરવા અને 'સહકાર સે સમૃદ્ધિ'ને પ્રોત્સાહન આપવા માટે ૧૯૯૩માં RBIની હાઈ-લેવલ એગ્રીકલ્ચર ક્રેડિટ રિવ્યૂ કમિટીની ભલામણ પર કરવામાં આવી હતી. COBI સહકારી સંસ્થાઓ અને અન્ય બેંકો વચ્ચે ફંડ ટ્રાન્સફરની સુવિધા આપે છે, ગ્રામીણ માળખાગત સુવિધાઓ, કૃષિ-ઉદ્યોગો, મત્સ્યોદ્યોગ, ડેરીઓ અને ટેક્નોલોજી અપગ્રેડેશન માટે ધિરાણ ઉપલબ્ધ કરાવે છે અને સહકારી બેંકોને તરલતા (liquidity) સહાય પૂરી પાડે છે.

ઉપરાંત આંતરરાષ્ટ્રીય વેપારને પણ ટેકો આપે છે, સંસ્થાકીય સુરક્ષા ભંડોળનું સંચાલન કરે છે, વૈશ્વિક એજન્સીઓ પાસેથી સંસાધનો ઊભા કરે છે, સિક્યોરિટીઝના વ્યવહારો કરે છે અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર તરીકે કાર્ય કરે છે. તેમ જ COBI સહકારી ક્ષેત્રને મજબૂત કરવા માટે સંશોધન, સલાહકાર, તાલીમ અને ટેકનોલોજી સેવાઓ હાથ ધરે છે.

### પાયાના સ્તરે ગ્રામીણ.... પાના નંબર : 1નું અનુસંધાન

હતું કે, આઝાદીના 75 વર્ષે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં અલાયદા સહકાર મંત્રાલયની રચના કરી. આ મંત્રાલય દ્વારા સહકારથી સમૃદ્ધિની નેમ સાથે ખેડૂતો, પશુપાલકોના હિત માટે 60 જેટલી પહેલ કરવામાં આવી છે. રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કો-ઓપેરશન અમોન્ગ્સ કો-ઓપરેટિવ્સને વેગ મળ્યો છે. શ્રી જયેશભાઈ રાદડિયાએ ખેડૂત ભાઈઓને આવકારતા રાજકોટ જિલ્લા સહકારી બેંકના ધિરાણ, થાપણો, શેર ભંડોળ, રોકાણો અંગેનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો. રાજકોટ દૂધ સંઘનાં અધ્યક્ષશ્રી ગોરધનભાઈ ધામેલીયાએ સંઘની 65મી વાર્ષિક સાધારણ સભા સમક્ષ દૂધ સંઘનો અહેવાલ અને હિસાબો રજૂ કર્યા હતા.

### ગુજરાતની સહકારી સંસ્થાઓ.... પાના નંબર : 4નું અનુસંધાન

હતું. અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલિયાએ શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાના લાભાર્થીને રૂ. ૨ લાખ, અને ગ્રામીણ ગ્રૂપ આકસ્મિક વીમા યોજનાના લાભાર્થીને રૂ. ૩ લાખનો ચેક વિતરણ ઉપરાંત રાંદલ દડવા સેવા સહકારી મંડળીને માઈક્રો એ.ટી.એમ.નું વિતરણ કર્યું હતું. આ સહકારી પરિસંવાદમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગુજરાત ખેત બજાર નિયંત્રણ ચેરમેન બનવા માટે શ્રી જીગ્નેશ પટેલ, ઈન્ટરનેશનલ કો - ઓપરેટિવ એલાઈન્સના યુથ કમિટીના ચેરમેન તરીકે ચૂંટવા બદલ શ્રી હર્ષ મુકેશભાઈ સંઘાણી ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએ માત્ર એક જ સહકારી યુનિવર્સિટી હોય તેવા બેન્કિંગ વિભાગના તજજ્ઞ તરીકે જેમની નિમણૂક થઈ છે, તેવા શ્રી અશોકભાઈ ગોંડલીયાનું વિશેષણ સન્માન કરવામાં આવ્યું હતું. તે જ ઉપક્રમમાં લાંબા સમયથી સહકારી ક્ષેત્રમાં યોગદાન આપતા વડીલશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય સર્વશ્રી મહેશભાઈ કસવાલા, અમૂલના વાઈસ ચેરમેનશ્રી ગોરધનભાઈ પાનેલીયા, સહકાર ક્ષેત્રના અગ્રણી સર્વશ્રી ભાવનાબેન ગોંડલીયા, મનીષભાઈ સંઘાણી, અરૂણભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપરાંત સહકારી સંસ્થાઓના સભાસદો, ખેડૂતો- પશુપાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


# ગુજરાત રાજ્ય સહકારી સંઘ

## ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (D.C.M.) 59મુ સત્ર

**તમારી કારકિર્દીને ઉજ્જવળ બનાવો**

**સહકારી મંડળીઓ/સંસ્થાઓના કર્મચારીઓ/કોલેજમાં અભ્યાસ કરતી યુવા પેઢી માટે શ્રેષ્ઠ તક...**

નવરચિત સહકાર મંત્રાલય દ્વારા 2 લાખ પેક્સ (PACS) મંડળીઓની રચના કરવામાં આવનાર છે ત્યારે આ મંડળીઓના કામકાજ માટે વિશાળ સંખ્યામાં તજજ્ઞો-કર્મચારીઓની જરૂરિયાત ઊભી થશે.

નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા અને નેશનલ કાઉન્સિલ ઓફ કો-ઓપરેટિવ ટ્રેઈનિંગ ની માન્યતા ધરાવતો ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ તાલીમનો કોર્સ ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા તમારી નજીકમાં શરૂ થઈ રહ્યો છે.

**તો આજે જ ડી.સી.એમ. કોર્સમાં જોડાઓ જો... જો.... મોડું ના કરતાં.....**

કોર્સની વધુ માહિતી નીચે મુજબ છે...
સદર કોર્સમાં સહકારના નીચે મુજબના વિષયો ભણાવવામાં આવે છે
(1) સહકાર (2) ધંધાકીય વિકાસ આયોજન (બી.ડી.પી.) (3) નાણાંકીય હિસાબો અને ઓડિટ (4) કોમ્પ્યુટર સંચાલકીય પાસાંઓ (5) સહકારી સંચાલન-વ્યવસ્થાપન (6) સહકારી મંડળીઓના કાયદાકીય પાસાંઓ (7) સહકારી ધિરાણ અને બેંન્કિંગ
આ સાત વિષયો શીખવવામાં આવે છે.

**કોર્સનું નામ : ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (D.C.M) કોર્સ**

મુદત : 5 મહિના
લાયકાત : ધોરણ 12 પાસ
ઉંમર : 18 વર્ષ

**શરૂઆત તારીખ : તારીખ 27-10-2025 થી તારીખ 15-03-2026**
**ઓનલાઈન / ઓફલાઈન વર્ગો**

તમારું ભવિષ્ય તૈયાર છે. આપ તૈયાર છો ?
DCM દ્વારા સહકારમાં સફળ કારકિર્દી તરફ પહેલું પગથિયું!
એડમિશન માટે આજે જ તમારા નજીકનાં વિસ્તારમાં આવેલ અમારા કેન્દ્રની મુલાકાત લો...

| ક્રમ | વ્યવસ્થાપન કેન્દ્રનું નામ | આચાર્યનું નામ અને ફોન નંબર |
|---|---|---|
| 1. | શ્રી દયાળજીભાઈ ગો.પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, કામરેજ ચાર રસ્તા, જિ.સુરત | શ્રી સુધીરભાઈ દવે 9879023623 |
| 2. | શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, સહકારી વિદ્યાભવન, મિશન રોડ, નડિયાદ, જિ.ખેડા | શ્રી શીતલભાઈ ભટ્ટ 9879925594 |
| 3. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, શ્રીનગર સોસાયટી, સુખાપરા, જિ.મહેસાણા | શ્રી અલ્પેશભાઈ રાવલ 9427385386 |
| 4. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, જિલ્લા સહકારી સંઘ 'સહકાર ત્રિવેણી' 29/38, કરણપરા, બસ સ્ટેન્ડ પાછળ, જિ. રાજકોટ | શ્રી એમ. એ. શેરસિયા 9879857565 |
| 5. | શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મુ.પો.નારી, વાયા-ચિત્રા, તા.જિ.ભાવનગર | શ્રી દિપકભાઈ રાવલ 9427728225 |
| 6. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, ચોથે માળ, સહયોગ બિલ્ડિંગ, જ્યોતિસંઘ પાછળ, રિલીફ રોડ, જિ.અમદાવાદ | શ્રી જય ઠક્કર 9099015193 |

## શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. ભાવનગરની 54મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ

ભાવનગર : શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ., ભાવનગરના સભાસદોની 54મી વાર્ષિક સાધારણ સભા તારીખ 09/09/2025ના રોજ મળેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રાધ્યાપક એસ. આર. દ્વિવેદીની વરણી કરવામાં આવી. મંડળીના માનદ્ મંત્રીશ્રી મિલનસિંહ એલ. પરમાર, કારોબારી સભ્યશ્રીઓ, મંડળીના પૂર્વ પ્રમુખો તથા બી.ઓ.એમ. સભ્યશ્રી તથા યુનિવર્સિટીના શૈક્ષણિક તથા વહીવટી અધિકારીઓ તથા પદાધિકારીઓ અને કર્મચારી સભાસદો હાજર રહેલ.

સભામાં ગત ખાસ સભાની કાર્યવાહી નોંધ તથા તારીખ 31/03/2025ના રોજના વિવિધ હિસાબો તથા અન્ય દફતરો, દસ્તાવેજોની નોંધ લઈ તેમને મંજૂર કરવામાં આવ્યા. આગામી વર્ષ : 2025-2026 માટેનું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ ઓડિટની નોંધ લેવામાં આવેલ અને મંડળીને ઓડિટ વર્ગ ‘‘અ’’ ફાળવેલ જેની શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

ધિરાણ અંગેના નિયમોમાં કારોબારી સમિતિએ સૂચવેલ સુધારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા. મંડળીના આગોતરા આયોજનોની આછેરી ઝલક માનદ્ મંત્રીશ્રી મિલનસિંહ એલ. પરમાર દ્વારા આપી, પ્રમુખશ્રી ધીતેશ એમ. બુધેલીયાએ સૌનો આભાર વ્યક્ત કરેલ.




## ડેરી સહકારી સંસ્થાઓની ભૂમિકા : NDDBએ કોલકાતામાં ડાયમંડ જ્યુબિલીની ઉજવણી કરી

કોલકાતા : નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના કોલકાતા સ્થિત પ્રાદેશિક કાર્યાલયે, ‘સહકાર સે સમૃદ્ધિ’ની થીમ ઉપર NDDBની ડાયમંડ જ્યુબિલીની ઉજવણીના ભાગરૂપે વૈદિક વિલેજ રિસોર્ટ, કોલકાતા ખાતે ‘ગ્રામીણ સમૃદ્ધિ માટે સહકારી ડેરી ઉદ્યોગ’ પર એક વિશેષ સંમેલનનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ભારતના પૂર્વીય અને ઉત્તર પૂર્વીય પ્રદેશોના મિલ્ક યુનિયનો અને ફેડરેશનોના નેતાઓ અને પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમણે ગ્રામીણ અર્થતંત્રોને મજબૂત કરવામાં ડેરી સહકારી સંસ્થાઓની વિકસતી ભૂમિકા પર વિચાર-વિમર્શ કર્યો હતો.

આ સંમેલનની અધ્યક્ષતા NDDBના અધ્યક્ષ ડો. મીનેશ શાહે કરી હતી, જ્યારે સિક્કિમ અને અન્ય સહભાગી રાજ્યોના પ્રતિનિધિઓએ તેમના અનુભવો રજૂ કર્યા હતા. સિક્કિમ રાજ્યના ડેરી ક્ષેત્રનું પ્રતિનિધિત્વ સિક્કિમ કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડના અધ્યક્ષ યમ કુમાર શર્મા; તે જ યુનિયનના મેનેજિંગ ડિરેક્ટર ડો. ટી.બી. ઘતાની; અને નોર્થ ડિસ્ટ્રિક્ટ મિલ્ક યુનિયનના મેનેજિંગ ડિરેક્ટર ડો. હિસે ડોમા લેપ્ચાએ કર્યું હતું. અને ડેરી વિકાસ સામેના પડકારો, સિદ્ધિઓ અને ભવિષ્યની યોજનાઓ પર વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં યોગદાન આપ્યું હતું.

ડો. મીનેશભાઈ શાહે NDDB સાથેના તેમના ચાર દાયકાના અનુભવોના આધારે ભારતના ડેરી ક્ષેત્રની પરિવર્તનકારી યાત્રા પર ચર્ચા કરી હતી. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ, લાલ બહાદુર શાસ્ત્રી અને ડો. વર્ગીસ કુરિયન જેવા દ્રષ્ટાઓને શ્રદ્ધાંજલિ આપી, તેમના પાયાના અવિરત પ્રયાસોને કારણે દૂધની અછતવાળો ભારત દેશ વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બન્યો તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. અને સહકારી નેતાઓને ઈમાનદારી, નિષ્ઠા અને સમર્પણની વિરાસતને જાળવી રાખવાનું આહ્વાન કરી, તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ડેરી ઉદ્યોગે ગ્રામીણ વિકાસ અને ખેડૂતોને સશક્ત બનાવવાના એક એન્જિન તરીકે સેવા આપવાનું ચાલુ રાખવું જોઈએ.

આ સંમેલનમાં અનુભવ વહેંચણી સત્રો યોજાયા હતા. જેમાં સહકારી આગેવાનોએ ડેરી સહકારી સંસ્થાઓના પ્રારંભિક વર્ષોમાં સામનો કરાયેલા પડકારો, તેમની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યમાં ડેરી ક્ષેત્રને મજબૂત કરવાની વ્યૂહરચનાઓ પર વિચાર વિમર્શ કર્યો હતો. આ સંમેલન ભારતમાં ડેરી આંદોલનને આગળ વધારવા અને ટકાઉ ગ્રામીણ વિકાસ માટે સહકારની શક્તિનો ઉપયોગ કરવા સંકલ્પ સાથે પૂર્ણ થયું હતું.




## ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદની 77 મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ

નડિયાદ : ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદની 77મી વાર્ષિક સાધારણ સભા તારીખ 18/09/2025ને ગુરૂવારે શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નડિયાદના સભાખંડમાં યોજાઈ.

77મી વાર્ષિક સાધારણ સભાના પ્રમુખશ્રી અને સંઘના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા એજન્ડા મુજબના કામો સભામાં હાથ ધરતાં, સને 2024-25ના વર્ષના વહીવટીય હિસાબો પરત્વે તેમજ એજન્ડા મુજબના તમામ કાર્યોની ચર્ચા વિચારણા ઉપર વિધિસર રીતે સભામાં મૂકાયેલ તમામ ઠરાવો સર્વાનુમતે મંજૂર રાખવામાં આવ્યા હતા.

ઉપરોક્ત વાર્ષિક સાધારણ સભામાં સંઘના માનદ્ મંત્રીશ્રી અર્જુનસિંહ જે.વાઘેલાએ સ્વાગત સંબોધન કરતા જણાવ્યું હતુ કે, ‘‘કો-ઓપરેટિવ સેકટર નાના અને મધ્યમ વર્ગના માણસોને ઉત્તમ સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓ છે. ‘સહકારી શિક્ષણ’ તાલીમ થકી આપણે સૌ અથાગ રહી સહકારી ક્ષેત્રે કામકાજ કરીશું તો સહકારની આવતીકાલ ખૂબ જ ઉજળી અને લાભદાયી બની રહેશે’’. સહકારી મંડળીઓમાં સુચારું સંચાલન માટે તથા જિલ્લા સંઘ દ્વારા ચાલતા શિક્ષણ,તાલીમના વર્ગોમાં સર્વે કર્મચારીઓને જોડાઈ તાલીમ મેળવવા માટે જણાવેલ. જિલ્લા સંઘનું આવકનું સાધન શિક્ષણફંડ છે જે ફાળવણી કરી સમયસર મોકલી આપવા જણાવી પધારેલ સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

77મી વાર્ષિક સાધારણ સભામાં મહિલા સી.ઈ.આઈ શ્રી બીજલ આર.ભાવસાર દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. સંઘના ઈ. એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભરતભાઈ એસ.સોલંકીએ ગત વર્ષના વાર્ષિક સાધારણ સભાનું પ્રોસેડિંગ વાંચન કર્યુ હતું. આભારદર્શન સંઘના સહકારી અધિકારી શ્રી પી.એમ.પરમારે સભાનું સંચાલન સંઘના સી.ઈ.આઈ શ્રી પ્રતિકકુમાર એમ. પટેલે કર્યુ હતું.

## હાલોલ મુકામે યુવક સહકારી શિક્ષણ વર્ગ-પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો

હાલોલ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની ‘સહકારી શિક્ષણ’ યોજના અનુસાર પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરાના ઉપક્રમે IYC - 2025 (આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ - 2025) ની ઉજવણીના ભાગરૂપે શ્રી એમ.એન્ડ.વી આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, હાલોલ મુકામે તારીખ 18/8/2025 થી તારીખ 23/8/2025 સુધી છ દિવસની મુદતનો યુવક સહકારી શિક્ષણ-તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. જેનો તારીખ 23/08/2025ના રોજ પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારુલબેન ડી.સોલંકી, કોલેજના ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ શાહ, વાઇસ પ્રિન્સિપાલ શ્રી ડૉ.કમલેશભાઈ પટેલ તેમજ વિદ્યાર્થી ભાઈઓ - બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ. કમલેશભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં ‘જ્ઞાનમ અનંતમ્’ એટલે કે શિક્ષણનાં સદ્દુપયોગ અંગે તેમજ અભ્યાસને વિવિધ પ્રવૃત્તિ સાથે જોડાવા તેમજ સહકારી તથા કૃષિ ક્ષેત્રમાં સૌથી વધુ રોજગારીની તકો વિશે અને કેસીસી ધિરાણ વિગેરે પર મંતવ્યો આપ્યા હતાં. અર્થશાસ્ત્ર વિભાગના વડા શ્રી વી.કે.ભાલોડિયા તથા શ્રીમતી અભિષાબેન દ્વારા આવનારા સમયમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ થકી સહકારી ક્ષેત્રોમાં રોજગારીની તકો ઊભી થશે. જેમાં વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીનું ઘડતર કૃષિ, ડેરી, બેન્કિંગ તથા સહકારી પ્રવૃત્તિમાં જોડાઈને બનાવી શકશે. અને પોતાની સ્કિલમાં વધારો કરવા સલાહ આપી.

આ કાર્યક્રમમાં જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારુલબેન સોલંકીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં 6 વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સહકારી શિક્ષણ વર્ગ અંગેનો પ્રતિભાવ રજૂ કર્યો હતો. આ વર્ગમાં કુલ 81 જેટલાં ભાઈઓ બહેનોએ સફળતાપૂર્વક તાલીમ મેળવી હતી. આ વર્ગનું સફળ સંચાલન સી.ઈ.આઇ. શ્રી દેવેન્દ્રસિંહ બી.સોલંકી તથા એટેચ મહિલા સી.ઈ.આઈ. શ્રી કલ્પુબેન પટેલે કર્યું હતુ. અને આ કાર્યક્રમની આભારવિધિ કૉલેજના પ્રાધ્યાપક શ્રી ડો.મનોજભાઈ પટેલે કરી હતી.




## બેન્કિંગ ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ સુરતની વરાછા બેંકને બે એવોર્ડ એનાયત

સુરત કો-ઓપ.બેંક લિ.ને બેન્કિંગ ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી બદલ બેન્કિંગ ફ્રન્ટિયર્સ દ્વારા ગોવાની હોટલ ‘હોલીડે ઈન’ ખાતે યોજાયેલા ફ્રન્ટિયર્સ કો-ઓપ. બેંક એવોર્ડ-2025 (એફસીબીએ) સમારોહમાં લાર્જ યુસીબી કેટેગરીમાં બેસ્ટ એનપીએ મેનેજમેન્ટ તેમજ બેસ્ટ એલઓએસ/એલએમએસ ટ્રાન્સનિર્મેશન એમ એક સાથે બે પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ભારતની અર્બન કો- ઓપ.બેંકોમાંથી વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ બેંકોને સન્માનિત કરવામાં આવી હતી. આ એવોર્ડ સમારોહમાં આરબીઆઈના અધિકારીઓ, દેશભરના કુલ 582 સહકારી બેંકોના હોદ્દેદારો તથા બેંન્કિંગ ક્ષેત્રના અગ્રણ્ય મહાનુભાવોની હાજરી રહી હતી.

### બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. દ્વારા

## અનાથ બાળાઓને સ્કૂલ બસ અર્પણ તથા અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા મળેલ દાન માટેનો સહકારી કાર્યક્રમ યોજાયો

બારડોલી : બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.એ આદિવાસી અંતરિયાળ વિસ્તારમાં મુ.પો.ઉમરકુઇ, તા.વાંસદા મુકામે હરિઓમ વનવાસી ચેરિટેબલ નામનું ટ્રસ્ટ અનાથાશ્રમ ચલાવે છે. જેમાં કુલ 70 જેટલી બાળાઓ અનાથાશ્રમમાં રહી પાંચ કિલોમીટર દૂર આવેલી શાળામાં અભ્યાસ કરવા ચાલીને જાય છે. સામાજિક જવાબદારીનાં ભાગરૂપે આ બાળાઓ માટે અનાથાશ્રમથી શાળાએ જવા માટે સ્કૂલ બસની ફાળવણી કરી છે. આ માટે બારડોલીનાં ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારનાં અધ્યક્ષસ્થાને રાજપૂત સમાજની વાડી, ગાંધી રોડ, બારડોલીમાં સ્કૂલ બસ અર્પણ તથા નગરની અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા મળેલ દાન માટેનો કાર્યક્રમ યોજાયો.




સંસ્થાનાં પ્રમુખશ્રી નિરંજન માનાજી મિસ્ત્રીએ જણાવ્યું કે, ‘‘એક સમયે પતરાનાં શેડ પાડી 15 X 20ની ખોલીમાં અનાથાશ્રમ ચાલતું હતું. બારડોલી નગરની સહકારી સંસ્થાઓ, સંસ્થાનાં એન.આર.આઇ સભાસદો તથા અન્ય દાતાઓનાં સહકારથી આજે કુલ 6000 ચોરસ ફૂટનું બે માળનું આર. આર. સી. સી મકાન તૈયાર કરી આપ્યું છે. આ ઉપરાંત દર વર્ષે આ અનાથ બાળાઓ માટે જીવન જરૂરિયાતની વસ્તુઓ કરિયાણું વિગેરે તમામ ચીજ-વસ્તુઓ પણ પહોંચાડવામાં આવે છે.

ધારાસભ્યશ્રીએ જણાવ્યું કે, બારડોલી જનતા ક્રેડિટ સોસાયટીએ જે સામાજિક જવાબદારી અદા કરી છે તે બિરદાવવા લાયક છે’’. કાર્યક્રમમાં હાજર તમામ સહકારી સંસ્થાઓ દ્વારા પણ આ ટ્રસ્ટને ચેક આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં સ્કોબાનાં ચેરમેન ગૌતમભાઇ વ્યાસે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. નગરનાં તમામ સહકારી સંસ્થાનાં હોદ્દેદારો હાજર રહ્યા હતા. આભારવિધિ ઉપપ્રમુખશ્રી મનિષભાઇ પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી મુકેશભાઇ પટેલ (નિઝર) તથા મેનેજર શ્રી દિનેશ પ્રજાપતિએ કર્યું હતું.

## NAFCUBએ RBI લાઈસન્સ માટે અરજી કરવા 42 શોર્ટલિસ્ટેડ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓને અપીલ કરી

નવી દિલ્હી : નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટિવ બેંક્સ એન્ડ ક્રેડિટ સોસાયટીઝ (NAFCUB) એ 42 શોર્ટલિસ્ટેડ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓને પત્ર લખીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) પાસેથી બેન્કિંગ લાઈસન્સ માટે અરજી કરવા વિનંતી કરી છે. ભારત સરકારના સહકાર મંત્રાલયની સૂચનાથી એનએએફસીયુબી દ્વારા ડી. કૃષ્ણાની અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સ (ટીએફ)ની રચના કરવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સને ‘શહેરી સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓના પરિવર્તન’ નો અભ્યાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. તેના ભાગરૂપે ટાસ્ક ફોર્સે સમગ્ર દેશમાં મધ્યમ અને મોટી ક્રેડિટ સોસાયટીઓનું પ્રારંભિક મૂલ્યાંકન કર્યું હતું. આ મૂલ્યાંકન મૂડી આધાર, થાપણનું કદ અને નાણાકીય ગુણોત્તર જેવા માપદંડો પર આધારિત હતું. આ વિશ્લેષણના આધારે ટાસ્ક ફોર્સે સફળતાપૂર્વક શહેરી સહકારી બેંકો (યુસીબી)માં રૂપાંતરિત થવાની સંભાવના ધરાવતી 42 સોસાયટીઓની ઓળખ કરી તેની યાદી બનાવી હતી.

સહકારિતા મંત્રાલયને સુપરત કરેલા તેના અહેવાલોમાં ટાસ્ક ફોર્સે આ ક્રેડિટ સોસાયટીઓની યાદી પણ રજૂ કરી હતી. આ ટાસ્ક ફોર્સની ભલામણો પર કાર્યવાહી કરતા મંત્રાલયે એન. એ. એફ. સી. યુ. બી. ને શોર્ટલિસ્ટ કરેલી સોસાયટીઓને બેન્કિંગ લાઈસન્સ માટે અરજીઓ સબમિટ કરવા માટે સૂચના આપવા નિર્દેશ આપ્યો હતો. પસંદ કરવામાં આવેલ સોસાયટીઓમાં કો-ઓપરેટિવ થ્રિફ્ટ એન્ડ ક્રેડિટ સોસાયટીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

NAFCUB એ આ મંડળીઓને બોર્ડમાં ઠરાવ પસાર કરવા અને તેમની સામાન્ય સભા દ્વારા તેની બહાલી આપવા વિનંતી કરી છે, જે બેન્કિંગ લાઈસન્સ મેળવવાના તેમની ઈચ્છાને અનુમોદન આપે છે. ઉપરાંત ક્રેડિટ સોસાયટીઓને સલાહ આપવામાં આવી છે કે, ક્રેડિટ સોસાયટીઓ આરબીઆઈની કેન્દ્રીય કચેરીને પત્ર લખીને પોતે યુસીબી બનવા માગે છે તેવી માંગણી કરે અને એક નકલ તેને સંબંધિત પ્રાદેશિક કાર્યાલયને પણ મોકલી આપે.

**ટાસ્ક ફોર્સે સમગ્ર દેશમાં મધ્યમ અને મોટી ક્રેડિટ સોસાયટીઓનું પ્રારંભિક મૂલ્યાંકન કર્યું હતું. આ મૂલ્યાંકન મૂડી આધાર, થાપણનું કદ અને નાણાકીય ગુણોત્તર જેવા માપદંડો પર આધારિત હતું**

ક્રેડિટ સોસાયટીને બેન્કિંગ રેગ્યુલેશન (સહકારી મંડળીઓ) નિયમો, 1966ના નિયમ 6 (એ) અને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 56 સાથે કલમ 22 મુજબ ફોર્મ III Aમાં તેમની અરજી તૈયાર કરવા અને સબમિટ કરવા માટે લાયકાત ધરાવતી કન્સલ્ટન્સી ફર્મનો ઉપયોગ કરવાનું જણાવ્યું છે. NAFCUBએ આ પ્રક્રિયા દરમિયાન સોસાયટીઓને જરૂરી માર્ગદર્શન અને સમર્થનની ખાતરી આપી છે.

### છેલ્લા 2 વર્ષથી મગફળી, કપાસ અને શાકભાજીનું વાવેતર

## જામનગરનો ખેડૂત ડિજિટલ માધ્યમથી 10 વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી કરે છે

જામનગર : ખીમલીયા ગામના ખેડૂત 10 વીઘા જમીનમાં મગફળી, કપાસ અને શાકભાજીનું વાવેતર કરીને સારા ઉત્પાદન સાથે આવક પણ મેળવે છે.

પ્રાકૃતિક ખેતીથી માત્ર છોડ કે પાકનું જ સ્વાસ્થ્ય નહીં પરંતુ જમીનની પણ ગુણવત્તા સુધરે છે. શું આ ખેતી દેશીગાય આધારિત ખેતી છે? જેમાં ખેતી પાકો માટે જરૂરી બધા જ પોષક તત્વોની જરૂરિયાત પૂરી પડી જાય છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં પાકની વૃદ્ધિ અને ઉત્પાદન લેવા માટે જે જે સંસાધનોની જરૂરિયાત પડે છે તે ઘરમાં જ ઉપલબ્ધ થાય છે. આવા જ ઘરગથ્થુ સંસાધનોના ઉપયોગથી અને ડિજિટલ માધ્યમના શ્રેષ્ઠ ઉપયોગ દ્વારા વિડીઓના માધ્યમથી તેમજ અન્ય ખેડૂતની પ્રેરણા લઈ જામનગર તાલુકાના ખીમલીયા શિવાભાઈ ગામના નામના ખેડૂતે પ્રાકૃતિક ખેતી અપનાવી છે. તેઓ પોતાના 10 વીઘા ખેતરમાં મગફળી, કપાસ તેમજ શાકભાજીની ખેતી કરી સારી આવક મેળવી રહ્યા છે.

**આ ખેતીમાં ઓછો ખર્ચ થાય અને જમીનનું સ્તર સુધરે છે**

## દમણના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના હસ્તે હિંમતનગર નાગરિક બેન્કની જીન શાખાનું લોકાર્પણ કરાયું

તલોદ : હિંમતનગરની નાગરિક સહકારી બેંક વર્ષ 1964થી કાર્યરત છે અને આ બેંકની હેડ ઓફિસ સહિત કુલ 6 શાખા પૈકી અઢી કરોડના ખર્ચે નિર્માણ પામેલ સહકારી જીન શાખાનું નવીન ભવનનું લોકાર્પણ દિવ-દમણ, દાદરા નગર હવેલી અને લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સાથે સાંસદ શોભના બારૈયા સહિત સ્થાનિક ધારાસભ્યની ઉપસ્થિતિ રહી હતી. આપની સેવામાં આપની બેંક સ્લોગન અંતર્ગત નાગરિક બેન્ક વર્ષોથી સેવા કરે છે ત્યારે હવે નવીન બિલ્ડિંગનું લોકાર્પણ થતા ગ્રાહકોને વધુ સગવડ મળી રહેશે. આ પ્રસંગે બેન્કના ચેરમેન શ્રી હિરેન ગોર અને વાઈસ ચેરમેન નલિન પટેલ સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતની સહકારી સંસ્થાઓ અન્ય રાજ્યો માટે ઉદાહરણરૂપ બની છે : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

અમરેલી : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમરેલીમાં સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા અને કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના સહકારથી સમૃદ્ધિ પરિસંવાદ યોજાયો હતો. અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. - અમર ડેરી, અમરેલી જિલ્લા સહકારી સંઘ, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ. સહિતની સહકારી સંસ્થાઓ જોડાઈ હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાને સહકારથી સમૃધ્ધિને સાકાર કરતો અવસર ગણાવી જણાવ્યું હતું કે, સ્વતંત્ર સંગ્રામમાં ગુજરાતના બે પનોતા પુત્ર પુજ્ય મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. સ્વતંત્રતાની ચળવળે સહકારી પ્રવૃત્તિને વેગ આપવાનું કાર્ય કર્યું છે. ગાંધીજીએ ગ્રામ સ્વરાજ અને સરદાર પટેલે ખેડૂતોને એકજૂટ કરીને દૂધ સહકારી મંડળીઓ દ્વારા આઝાદીના આંદોલનને નવી દિશા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ સહકારિતાની આપણી મૂળ ભાવનાને બદલાતા સમય સાથે સુસંગત રાખીને નવું કલેવર આપવાની દિશા આપી છે. તેમના નેતૃત્વમાં દેશમાં આઝાદીના દાયકાઓ બાદ અલાયદું સહકારી મંત્રાલય શરૂ થયું છે. સૌને સાથે લઈને વિકાસના પથ પર આગળ વધવાની કટિબધ્ધતાથી સહકારી ક્ષેત્રને નવી દિશા અને ઊર્જા મળી છે. આજે ગુજરાતની સહકારી સંસ્થાઓ અન્ય રાજ્યો માટે ઉદાહરણરૂપ બની છે. ત્યારે અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રના વિકાસથી ખેડૂત, ખેતી, મહિલા અને ગામડાઓ સક્ષમ બન્યા છે તેનું ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત આ કાર્યક્રમ છે.

સૌના સાથ અને સૌના વિકાસ સાથે સહકારિતાની ભાવના ગુજરાતીઓના સ્વભાવ અને સંસ્કારમાં સહજ રીતે વણાયેલી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ અને ગૃહમંત્રીશ્રીના દીર્ઘ દ્રષ્ટિનો મોટો લાભ ગુજરાતના સહકારી ક્ષેત્રને મળ્યો છે. રાજ્યમાં ૮૯ હજાર સહકારી સંસ્થાઓમાં




આશરે ૧ કરોડ ૬૫ લાખ સભાસદો કાર્યરત છે. ગ્રામીણ સ્તર સુધી સહકારી સંઘો અને સંસ્થાઓનું નેટવર્ક વિસ્તર્યું છે. રાજ્યનું સહકારી ક્ષેત્રનું કૂલ ટર્ન ઓવર રૂ. ૪ લાખ કરોડને પાર કરી ચુક્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સહકારી મંડળીઓને મલ્ટીપર્પઝ બનાવવાની સાથે સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલી ઈકોસિસ્ટમને પણ બદલવામાં આવી રહી છે. વર્ષ 2047 સુધીમાં વડાપ્રધાનશ્રીએ "સૌના સાથ અને સૌના સહકાર"થી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવાનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પને ચરિતાર્થ કરવા આત્મનિર્ભર ભારત માટે દેશવાસીઓને આહ્વાન કર્યું છે. "ચીપ હોય કે શીપ" તેનું ઉત્પાદન ભારતમાં જ થવું જોઈએ તેવી નેમ વડાપ્રધાનશ્રીએ વ્યક્ત કરી છે. આગામી પવિત્ર નવરાત્રી અને દિવાળીના પર્વમાં "વોકલ ફોર લોકલ"ને વેગ આપીને સખી મંડળો દ્વારા બનાવેલી સ્વદેશી વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખીએ. આ તહેવારોમાં દેશમાં જ ઉત્પાદિત થયેલી ચીજવસ્તુઓને ખરીદીને સ્વદેશી અપનાવીને સહકારથી સમૃદ્ધિ માટેનો સંકલ્પ સાકાર કરીએ, તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. અને સહકારી ક્ષેત્રે શ્રી દિલીપભાઈ સંઘાણીએ કરેલી અસરકારક કામગીરીને બિરદાવી હતી. આ પરિસંવાદમાં ઈફ્કોના અધ્યક્ષશ્રી દિલીપભાઈ સંઘાણીએ સહકારથી સમૃદ્ધિને વાસ્તવિતા ગણાવી જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આત્મનિર્ભર ભારતની નેમમાં ગરીબ, ગામડું, ખેડૂત અને મહિલાનો ઉત્કર્ષ કેન્દ્ર સ્થાને છે, તેમાં સહકારી ક્ષેત્રની પણ મહત્વની ભૂમિકા છે, આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પણ ગુજરાત ડેરી ક્ષેત્ર ધમધમતું અને અગ્રેસર બન્યું છે.

આ પરિસંવાદમાં ઈફ્કોના મેનેજિંગ ડિરેક્ટરશ્રી કે. જે. પટેલએ ઉપસ્થિત સૌ સહકારી મંડળીઓને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સહકારથી સમૃદ્ધિના સંકલ્પમાં જોડાવવા માટેનું આહ્વાન કર્યું

અનુસંધાન પાના નંબર : 2

# તહેવારોમાં 700થી વધુ પ્રોડક્ટના ભાવમાં ઘટાડો કરી મોટી રાહત આપતું અમૂલ

અમદાવાદ : ભારતની સૌથી મોટી ડેરી સહકારી સંસ્થા, ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF), અમૂલે તેના 700થી વધુ ઉત્પાદનોના ભાવમાં ઘટાડો કર્યો છે. આ નિર્ણય તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા GST ઘટાડાનો લાભ સીધો ગ્રાહકોને મળે અને ભારતમાં માથાદીઠ વપરાશમાં વધારો થાય તે માટે કરવામાં આવ્યો છે.

આ ભાવ ઘટાડો તારીખ 22 સપ્ટેમ્બર, 2025થી અમલમાં આવ્યો છે. સુધારેલા ભાવોમાં અમૂલના ડેરી અને ખાદ્ય ઉત્પાદનોમાં બટર, ઘી, UHT દૂધ, આઈસ્ક્રીમ, પનીર, ચીઝ, ચોકલેટ્સ, બેકરી વસ્તુઓ, ફ્રોઝન બટાકાની વાનગીઓ, કન્ડેન્સ્ડ મિલ્ક, માલ્ટ આધારિત પીણાં, સ્પ્રેડ્સ અને અન્યનો સમાવેશ થાય છે. આ ભાવ ઘટાડામાં 100 ગ્રામના અમૂલ બટરનું પેક હવે રૂ. 62ને બદલે રૂ. 58માં ઉપલબ્ધ થશે, જ્યારે ઘીની કિંમતમાં રૂ. 40નો ઘટાડો કરવામાં આવ્યો છે. એક કિલોગ્રામના અમૂલ પ્રોસેસ્ડ ચીઝ બ્લોકની કિંમત અગાઉના રૂ. 575ની હતી તે રૂ. 545 કરવામાં આવી છે. તે જ રીતે 200 ગ્રામના ફ્રોઝન પનીર પેકની કિંમત રૂ. 99ની સામે રૂ. 95 થશે.

GCMMFએ જણાવ્યું હતું કે, ગ્રાહક હિત અને સહકારી મૂલ્યો પ્રત્યેની




પ્રતિબદ્ધતાના કારણે આ નિર્ણય કરવામાં આવ્યો છે. ૩૬ લાખ ખેડૂતોની માલિકીનું આ ફેડરેશન અપેક્ષા રાખે છે કે, શહેરી અને અર્ધ-શહેરી બજારોમાં નીચા છૂટક ભાવો પેકેજ્ડ ડેરી ઉત્પાદનોને વ્યાપકપણે અપનાવવા પ્રોત્સાહિત કરશે. અને વધેલી માંગથી એકંદર ટર્નઓવરમાં પણ વધારો થવાનો અંદાજ છે, જે સહકારી સંસ્થાના કરોડરજ્જુ સમાન ખેડૂતોને વધુ વળતર સુનિશ્ચિત કરશે.

આ નિર્ણય સમયસર તહેવારોની સિઝન પહેલાં લેવામાં આવ્યો છે, કારણ કે, તહેવારોમાં ડેરી ઉત્પાદનો મીઠાઈઓ, ચોકલેટ્સ અને બેકરી વસ્તુઓનો વપરાશ વધે છે. ઉદ્યોગ નિરીક્ષકોનું માનવું છે કે આ નિર્ણયથી વેચાણમાં વધારો થશે. ભારતના વિકસતા ડેરી ક્ષેત્રને ગતિ પ્રદાન કરશે.

GCMMFએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ નિર્ણયથી દાયકાઓથી અમૂલ બ્રાન્ડ પર વિશ્વાસ મૂક્યો છે તેવા લાખો પરિવારો સાથેના તેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# બેન્કોનો ધિરાણ પ્રવાહ વધીને 19થી 20.5 લાખ કરોડે આંબશે

નવી દિલ્હી : ભારતીય બેન્કોનો ધિરાણ પ્રવાહ નાણા વર્ષ 2026 દરમિયાન રૂ.19 લાખ કરોડથી રૂ.20.5 લાખ કરોડ સુધી વધી શકે છે. જેમાં વાર્ષિક 10.4-11.3%નો ગ્રોથ જોવા મળી શકે છે. રેટિંગ એજન્સી ઈકરા અનુસાર આર્થિક ગતિવિધિમાં વધારો તેમજ તાજેતરના પોલિસી વિષયક પગલાંઓને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ફોકસ કરતી કંપનીઓને બાકાત કરતા નોન બેંન્કિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ ચાલુ નાણા વર્ષ દરમિયાન 15-17%નો ગ્રોથ નોંધાવે તેવી શક્યતા છે.

નાણાં વર્ષ 2026ના પહેલા પાંચ મહિના દરમિયાન ધીમી શરૂઆત છતાં મોમેન્ટમે જોર પકડ્યું છે, જ્યાં બેન્ક ધિરાણ રૂ.3.9 લાખ કરોડ રહ્યું છે, જે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન રૂ.5.1લાખ કરોડ રહ્યું હતું. તાજેતરમાં જીએસટી રેટકટ ઉપરાંત




કેશ રિઝર્વ રેશિયોમાં ઘટાડાથી સ્થાનિક માંગને વેગ મળશે તેમજ બેન્ક તેમજ એનબીએફસીમાં ધિરાણની વૃદ્ધિ પણ થઈ શકશે. રિટેલ તેમજ MSME સેગમેન્ટની એસેટ ગુણવત્તામાં તણાવથી ખાનગી ક્ષેત્રની બેન્કો તેમજ NBFCમાં ધીમો ગ્રોથ જોવા મળ્યો હતો. જીએસટી રેટકટ બાદ આર્થિક ગતિવિધિમાં વૃદ્ધિને પગલે ગ્રોથમાં વૃદ્ધિ સંભવ છે, જેને કારણે પણ ક્રેડિટ ગ્રોથને ટેકો મળશે.

**એનબીએફસી માટે લોનનો હિસ્સો 34 ટકા નોંધાયો :**

બેન્કોની નોન ફૂડ ક્રેડિટમાં MSME અનસિક્યોર્ડ પર્સનલ લોન્સનો હિસ્સો 17% સાથે રૂ.184 લાખ કરોડ રહ્યો હતો. NBFC માટે નાના વ્યવસાયો-વપરાશ માટેની લોનનો હિસ્સો 35 લાખ કરોડ સાથે 34% રહ્યો છે. મેક્રો ઈકોનોમિક પરિબળોમાં વધારો તેમજ વૈશ્વિક અનિશ્ચિતતા લોન ધારકોને અસર કરી શકે છે.

**ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદ પ્રેરિત**

# સુરત જિલ્લા અર્બન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન દ્વારા હોટેલ મીરામર,દેવકા(દમણ) મુકામે શૈક્ષણિક તાલીમ સેમિનાર

દમણ - યુનોએ વર્ષ 2025ને 'આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ' તરીકે જાહેર કરતાં તેની ઉજવણીનો શુભારંભ ભારતમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે 'આંતરરાષ્ટ્રિય સહકારી સંઘ' (આઈસીએ)ની ગ્લોબલ કોન્ફરન્સથી કરવામાં આવ્યો હતો. ભારત 'આંતરરાષ્ટ્રિય સહકારિતા' વર્ષની ઉજવણીનું યજમાન બન્યું છે. ભારતીય સહકારી જગત અને સૌ સહકારીઓ માટે આ બાબત ગૌરવપ્રદ છે, વડાપ્રધાનની પહેલથી સમગ્ર દેશમાં શહેરથી ગામડાઓમાં સહકારી સંસ્થાઓમાં આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ઉપલક્ષ્યમાં 'ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદ' પ્રેરિત અને સુરત જિલ્લા અર્બન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન દ્વારા ક્રેડિટ સોસાયટીઓના હોદેદારો, વ્યવસ્થાપક કમિટી સભ્યો, મેનેજર, અધિકારીઓ તેમજ કર્મચારીઓ માટે શૈક્ષણિક તાલીમ સેમિનાર હોટેલ મીરામર,દેવકા(દમણ) મુકામે તા.13/9/2025ના રોજ યોજાયો હતો.

સેમિનારના પ્રમુખ અને સુરત જિલ્લા અર્બન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન, સુરતના ચેરમેનશ્રી ડો. જીવરાજભાઈ ગોધાણીએ સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે ક્રેડિટ સોસાયટીઓ ''સમાજના વિકાસનું અભિન્ન અંગ છે અને તેનો મહત્તમ લાભ લેવો જોઈએ''.

ઉદઘાટન પ્રવચનમાં શ્રી દાદરા નગર હવેલી સહકારી શિક્ષણ સંઘ, સિલવાસાના ચેરમેન શ્રી વિનીતકુમાર મુદ્રાએ જણાવ્યું હતું કે, દેશમાં લગભગ 8.5 લાખ સહકારી સંસ્થાઓ સાથે 40 કરોડ જેટલા સભાસદો જોડાયેલા છે. સમાજના આર્થિક અને સામાજિક વિકાસમાં સહકારી ક્રેડિટ ક્ષેત્રનું યોગદાન ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યું છે. આને ધ્યાનમાં રાખી, દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સહકારથી સમૃદ્ધિ'નું સૂત્ર આપ્યું છે અને સહકારી સંસ્થાઓ દ્વારા ભારતને આત્મનિર્ભર બનાવવાં અને આર્થિક રીતે સમાજને મજબૂત બનાવવાની વિશ્વસનીયતા વ્યક્ત કરી છે, કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રાલય દ્વારા 'સહકારી શિક્ષણ અને તાલીમ' સાથેસાથે 'સહકારિતાના વિકાસ' જેવા મહત્વપૂર્ણ કાર્યો કરવામાં આવી રહ્યાં છે. દેશ સહકારી ક્ષેત્રમાં પરિવર્તન લાવવામાં




મહત્વપૂર્ણ પહેલ કરી રહ્યું છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે વર્તમાન વાતાવરણ સ્પર્ધા અને અદ્યતન ટેક્નોલોજીનું છે, લોકો આંગળીના ટેરવે તમામ માહિતી ક્ષણમાં પ્રાપ્ત કરી શકે છે. આવા વાતાવરણમાં ક્રેડિટ સોસાયટીઓ સામે અનેક પડકારો ઊભા થયા છે. સહકારી ક્રેડિટ સોસાયટીઓએ તેમના વ્યવસાયના વિકાસ માટે આ ક્રાંતિકારી દ્રષ્ટિકોણ અપનાવવો પડશે.

આ સોસાયટીઓ સામાન્ય જનતા માટેની નાની બેંકો છે. નાના સાધનો ધરાવતા સમુદાય એટલે કે મધ્યમ અને ગરીબ વર્ગની બચતને એકત્રિત કરીને જરૂરિયાતમંદોને સરળ રીતે ધિરાણ આપે છે. આ સોસાયટીઓએ સભાસદોને શાહુકારોના ઊંચા વ્યાજના શોષણમાંથી બચાવ્યાં છે. તેમને સ્વાભિમાન સાથે જીવતા શીખવ્યું છે. આ રીતે, આ સોસાયટીઓને સામાન્ય જનતાના આર્થિક વિકાસનુ એન્જિન કહેવામાં આવે છે.''

સેમિનારમાં મુખ્ય મહેમાનપદે શ્રી સમીરભાઈ બોઘરાએ ડાયરેક્ટરશ્રી, આઈ.આઈ.એફ.સી.એલ.મિનિસ્ટરી ઓફ ફાઈનાન્સ, ભારત સરકાર પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું અને અતિથિ વિશેષ અને વિષય તજજ્ઞ નિવૃત્ત જોઈન્ટ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય શ્રી જે.જે. શાહે ક્રેડિટ સોસાયટીઓના મેનેજર, અધિકારી, કલાર્કની કામગીરીની ફરજો અને સોસાયટીની સફળતામાં તેમનાં યોગદાન વિશે વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપ્યુ હતું. તથા ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના સી.ઈ.ઓ. શ્રી દૂષ્યંતસિંહ વાઘેલાએ પ્રતિનિધિઓને માહિતી-માર્ગદર્શન આપ્યા હતા. સેમિનારમાં સુરત જિલ્લાની ક્રેડિટ સોસાયટીઓના બહોળી સંખ્યામાં પ્રતિનિધિઓએ હાજર રહી માહિતી-માર્ગદર્શન મેળવ્યા હતા. આભારવિધિ સુરત જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટરશ્રી ગોરધનભાઈ રામજીભાઈ લાઠીયાએ કરી હતી.

# 'છેલ્લા માઈલ' સુધી સેવા આપતી સહકારી બેંકો આરબીઆઈ માટે ખૂબ મહત્વની : ગવર્નર

શિમલા : આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ (IYC-2025)ની ઉજવણીના ભાગરૂપે શિમલામાં હિમાચલ પ્રદેશ સ્ટેટ કો-ઓપરેટિવ બેંક દ્વારા આયોજિત બે દિવસીય રાષ્ટ્રીય સહકારી પરિષદને સંબોધતા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ગવર્નરશ્રી સંજય મલ્હોત્રાએ સમાજના સૌથી નીચલા સ્તરને ઔપચારિક બેન્કિંગ ક્ષેત્ર સાથે જોડવાની સહકારી બેંકોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

શ્રી મલ્હોત્રાએ જણાવ્યું કે, કોમર્શિયલ બેંકોની તુલનામાં સહકારી બેન્કો પ્રમાણમાં નાના કદની હોવા છતાં, સહકારી બેંકો RBI માટે મહત્વપૂર્ણ છે. કારણ કે, તે "છેલ્લા માઈલ" સુધી સેવા આપે છે અને નાણાકીય સમાવેશમાં મહત્વની ભૂમિકા ભજવે છે. અને "જ્યાં કોમર્શિયલ બેંકો માટે પહોંચવું મુશ્કેલ છે, ત્યાં પ્રાદેશિક ગ્રામીણ સહકારી બેંકો અને શહેરી સહકારી બેંકો હાજર છે, જે સમાજના છેવાડાના સ્તર સુધી સેવાઓ આપે છે."

ગુડ ગવર્નન્સ, માનવ સંસાધન વિકાસ, ટેકનોલોજી અપનાવવા, મૂડી ઊભી કરવાની પદ્ધતિઓ અને આંતરિક ઓડિટમાં સુધારાની તાત્કાલિક જરૂરિયાત પર પણ ભાર મૂકતા મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, સહકારી બેંકો લગભગ રૂ. 12 લાખ કરોડના એડવાન્સિસ આપ્યું છે. જે કુલ બેન્કિંગ સિસ્ટમના લગભગ ૬થી 6.5% છે. છેલ્લા પાંચ વર્ષમાં આ ક્ષેત્રે ધિરાણમાં 7.5% નો વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) અને ગ્રામીણ કૃષિ ધિરાણમાં લગભગ 10%ની વૃદ્ધિ નોંધાવી છે. નફાકારકતામાં પણ વધારો થયો છે, જેમાં ચોખ્ખો નફો રૂ. 10,000 કરોડને વટાવી ગયો છે, જ્યારે ગ્રોસ NPA (નોન-પર્ફોર્મિંગ એસેટ્સ) 2021માં 10% ના ટોચના સ્તરથી ઘટીને હાલમાં 7% થયો છે.

મલ્હોત્રા સહકારી બેંકોને RBI, નાબાર્ડ અને કાયદાકીય નિયમોનું સખતપણે પાલન કરવા, ડિજિટલ ટ્રાન્સફોર્મેશનની જરૂરિયાત પર ભાર મૂકી આધુનિક




બેન્કિંગનો લાભ ગ્રાહકો સુધી પહોચાડવા વિનંતી કરી જણાવ્યું હતું કે, ગુડ ગવર્નન્સ પર કોઈ સમજૂતી થઈ શકે નહીં, તમે નફો કમાઈ શકો છો, પરંતુ મજબૂત ગવર્નન્સ વિના, સંસ્થાઓ ટકી શકતી નથી. તેમ જ આ ક્ષેત્રના ભવિષ્ય માટે માનવ સંસાધનોમાં સુધારો કરવો બહુ જરૂરી છે. સારા અને કુશળ મેનેજરો વિના કોઈ પણ સંસ્થા લાંબા સમય સુધી પ્રગતિ કરી શકતી નથી,' સહકારી બેંકોમાં કુશળ નેતૃત્વ નિર્માણ કરવા માટેના પ્રયાસો કરવા આહ્વાન કર્યું હતું. અને વધુ પારદર્શિતા માટે આંતરિક ઓડિટ, અનુપાલન અને નિરીક્ષણને સ્થિરતાના આવશ્યક સ્તંભો ગણાવી સહકારી બેંકોને આ સિસ્ટમ મજબૂત કરવા વિનંતી કરી હતી.

અંતે તેમણે પુષ્ટિ કરી કે RBI સહકારી બેંકોને કોમર્શિયલ બેંકોની સમકક્ષ લાવવા માટે સતત કામ કરી રહ્યું છે. 'અમારા માટે સહકારી બેંકો કોમર્શિયલ બેંકો જેટલી જ મહત્ત્વપૂર્ણ છે. તેમની ભાવિ વૃદ્ધિ મજબૂત ગવર્નન્સ, નવીનતા અને લોકોને ઉમદા સેવા આપવામાં રહેલી છે.

# ગ્રામ પંચાયતો અને સહકારી મંડળીઓ ગ્રામીણ વિકાસના શક્તિ કેન્દ્રો છે : શ્રી દિલીપભાઈ સંઘાણી

અમરેલી : લીલિયા તાલુકાની પ્રગતિ સેવિંગ્ઝ કો-ઓપરેટિવ સોસાયટીની અંટાળિયા ખાતે વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ઈફ્કોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીએ ઉપસ્થિત લોકોને સાથે સવાલ-જવાબ ચર્ચાઓ કરી હતી. પ્રશ્ન પૂછવાની શરૂઆત સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ કરી હતી.

સાધારણ સભામાં અંદાજે એકાદ ક્લાક સુધી પ્રશ્નોતરીનો સિલસિલો ચાલુ રહ્યો હતો. બાદમાં સભાને સંબોધતા શ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, આ ક્ષેત્રના સંકલિત પ્રયાસો થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્ય સહકારથી સમૃદ્ધિ ટૂંક સમયમાં જ જીવંત કરવામાં આવશે. ગુજરાતની આગવી સુઝબૂઝ ધરાવતી સહકારી પ્રવૃત્તિના મૂળને મજબૂત કરવાનું કામ દેશના પ્રધાનમંત્રી તેમજ સહકાર મંત્રી કરી રહ્યા છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-10-2025